ક્રમાંક. ક - ૩/૫૨ચ/૨૦૨૬/ 1026
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.15/10/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

(12)

<u>અગત્યનું</u>

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/3938-74
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.12/10/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- ધો-12 સામાન્ય પ્રવાહમાં વોકેશનલ શિક્ષણના ત્રણ વિષયો (1) CONSTRUCTION (2) POWER (3) LOGISTICS ના પ્રશ્નપત્ર પરિરૂપ અને નમૂનાનું પ્રશ્નપત્ર મોકલવા બાબત.
સંદર્ભ:- (1) તા.08/10/2026ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક: 24/2026.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધો-12 સામાન્ય પ્રવાહના વોકેશનલ શિક્ષણના ત્રણ વિષયો (1) CONSTRUCTION (2) POWER (3) LOGISTICS ના આ સાથે સામેલ પ્રશ્નપત્ર પરિરૂપ અને નમૂનાનું પ્રશ્નપત્રનો અમલ કરવાનો રહેશે. જે આપના તાબા હેઠળની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા જણાવવામાં આવે છે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ:-ઉપર મુજબ

8-3
પ્રશ્નપત્ર ડ્રાફ્ટ
13/10/26

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (સામાન્ય પ્રવાહ) જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

જિ. શિ. અ. કચેરી
પત્રની નોંધણી નંબર 4718
તા. 13/10/2026
કચેરીની સહી ....

D:\Mittalben\શૈક્ષણિક સમિતિ 08.10.26\Letter -Vocation Parirup and MQ.docx

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2026-27

ધોરણ-12

વિષય : કન્સ્ટ્રક્શન (429)

વાર્ષિક પરીક્ષા (સૈદ્ધાંતિક)

સમય : 1 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 30

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

હેતુઓ	જ્ઞાન (K)	સમજ (U)	ઉપયોજન (A)	કૌશલ્ય (S)	કુલ
ગુણ	06	09	09	06	30
ટકા(%)	20%	30%	30%	20%	100%

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

ક્રમાંક	પ્રશ્નનો પ્રકાર	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
		વિકલ્પ વિના	વિકલ્પ સાથે	
1.	અતિટૂંક હેતુલક્ષી પ્રશ્નો (VSA)	09	09	09
2.	ટૂંકજવાબી પ્રશ્નો (SA)	06	09	12
3.	વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA)	03	05	09
	કુલ	**18**	**23**	**30**

પ્રકરણ પ્રમાણે ગુણભાર :

ક્રમ	પ્રકરણનું નામ	ગુણભાર
1.	રેન્ડમ-રોડાં ચણતર	07
2.	IPS / ટરેમિક્સ ફ્લોરિંગ	07
3.	કાર્યની વિવિધ વસ્તુઓનું દર વિશ્લેષણ	06
4.	અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરવા માટે કાર્યનું આયોજન કરો.	06
5.	બાંધકામ સ્થળ પર વ્યક્તિગત સ્વાસ્થ, સલામતી અને પર્યાવરણ પ્રોટોકોલ	04
	કુલ	30

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2026-27

ધોરણ-12

વિષય : કન્સ્ટ્રક્શન - (429)

વાર્ષિક પરીક્ષા (સૈદ્ધાંતિક)

નમૂનાનું પ્રશ્નપત્ર

સમય : 1 કલાક | ગુણ : 30

સૂચનાઓ :

- બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
- જરૂરિયાત મુજબ આકૃતિ દોરવી.
- પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

પ્રશ્ન 1 : નીચે આપેલ વિકલ્પોમાંથી કોઈ પણ એક સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (દરેકનો 1 ગુણ) **[09]**

1. નીચેનામાંથી ચણતર કામમાં વપરાતું સાધન કયું છે ?

(A) ત્રિકમ (B) હેમર

(C) ટોવેલ (લેલુ) (D) ઉપરના તમામ

2. ચણતર કામમાં ઇંટોને વર્ટિકલ તપાસવા માટે કયા સાધનનો ઉપયોગ થાય છે ?

(A) લેવલ પાઈપ (B) માપન ટેપ

(C) પ્લમ્બ ટુલ (બોબ) (D) ચોરસ

3. બીમ માટે નૌમિનલ કવર–

(A) 30 મિમી (B) 25 મિમી

(C) 35 મિમી (D) 40 મિમી

4. જ્યારે સમૂહને 4.75 મિમી ચાળણી દ્વારા ચાળવામાં આવે છે ત્યારે સમૂહ જળવાઈ રહે છે.

(A) બરછટ સમૂહ (B) સૂક્ષ્મ સમૂહ

(C) રેન્ડમ સમૂહ (D) કોઈ નહીં

5. સિમેન્ટની એક થેલીનું વજન .... કિલો હોય છે.

(A) 50 kg. (B) 25 kg.

(C) 100 kg. (D) 75 kg.

6. બુકિંગ પરિણામો ક્રમ શું છે ?

(A) લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ (B) પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ

(C) ઊંચાઈ, પહોળાઈ, લંબાઈ (D) આમાંથી કોઈ નહીં

7. ટીમમાં કામ કરતી વખતે .... વિકસાવવી જોઈએ.

(A) ભાઈચારો (B) કુટુંબ

(C) ફોલોઈંગ કુશળતા (D) ઉપરના તમામ

8. દરેક ઢગલામાં મહત્તમ .... સિમેન્ટની થેલીઓ સંગ્રહ હોય છે.

(A) 2 થેલી (B) 5 થેલી

(C) 4 થેલી (D) 1 થેલી

9. બાંધકામ કરતી વખતે શું પહેરવું જોઈએ ?

(A) હેલ્મેટ (B) ચશ્માં, બૂટ

(C) હાથમોજાં (D) ઉપરના તમામ

પ્રશ્ન 2 : નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે 6) (દરેકના 2 ગુણ) **[12]**

10. રોડાંના ચણતરમાં વપરાતા સાધનના નામ લખો.

11. પોઇન્ટિંગ એટલે શું ?

12. કોંક્રીટીંગમાં વપરાતા વિવિધ મિશ્રણો કયાં છે ?

13. ફ્લોટર મશીનનો ઉપયોગ જણાવો.

14. દર વિશ્લેષણનું મહત્ત્વ શું છે ?

15. ચોક્કસ કાર્ય દરમાં શું સમાવેશ થાય છે ?

16. નીચેના કાર્ય જણાવો :

(અ) ઇંટનું ચણતર (બ) વોટર પ્રુફિંગ

17. બાંધકામ સ્થળોએ કયા પ્રકારના જોખમો છે ? યાદી બનાવો.

18. સાઈટ પર કચરાનો નિકાલ કઈ રીતે થાય છે ?

પ્રશ્ન 3 : નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો. (ગમે તે 3) (દરેકના 3 ગુણ) **[09]**

19. કાટમાળના ચણતરમાં વપરાતા પથ્થરના પ્રકાર જણાવો અને કોઈ પણ ત્રણ વિશે લખો.

20. વેક્યુમ ડી- વોટરિંગ પંપ સમજાવો.

21. બાંધકામ કાર્ય માટે વિવિધ ચેકલિસ્ટની યાદી બનાવો.

22. સામગ્રીના સંચાલન, સંગ્રહ માટે માનક પ્રક્રિયા લખો. કોઈપણ ત્રણ મુદ્દા લખો.

23. રેન્ડમ રોડાં ચણતર સમાપન દિવાલ આકૃતિ દોરી સમજાવો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2026-27

ધોરણ-12

વિષય : કન્સ્ટ્રક્શન (પ્રાયોગિક) - (430)

વાર્ષિક પરીક્ષા

નમૂનાનું પ્રશ્નપત્ર

સમય : 1 કલાક ગુણ : 50

- પ્રાયોગિક કાર્યોની વિગતો :

1. ચણતર કામમાં વપરાતા સાધનોની ઓળખાણ આપો.
2. ઇંગ્લિશ બોન્ડ અને ફ્લેમિંશગ બોન્ડ બનાવવા.
3. ચણતરમાં યોગ્ય પોઇન્ટિંગ બનાવવા.
4. ફ્લોટર મશીન ચલાવવું.
5. ટરમિક્સ બિછાવવા.
6. ચણતર કામમાં સિમેન્ટ થેલી કેટલી નાખવી તે ગણવું.
7. ટીમ વર્કમાં પ્રોજેક્ટ પ્લાનિંગ કરવું.
8. સાઈટ પર સલામતીના સાધનો ઓળખવા.
9. ચણતરમાં વપરાતી ઇંટોને સાઈટ પર ગણતરી કરવી.
10. ઇંટોનું લેવલ તથા વર્ટિકલ ચેક કરતા શીખવું.
11. મકાનનો પ્લાન ઓળખવો.
12. મકાનમાં પ્લમ્બિંગ અને ઇલેક્ટ્રિક તપાસવું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2026-27

ધોરણ-12

વિષય : પાવર (ડિસ્ટ્રિબ્યુશન લાઇનમેન) (431)

વાર્ષિક પરીક્ષા (સૈદ્ધાંતિક)

સમય : 1 કલાક — **પ્રશ્નપત્રનું પરિરૂપ** — **ગુણ : 30**

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

હેતુઓ	જ્ઞાન (K)	સમજ (U)	ઉપયોજન (A)	કૌશલ્ય (S)	કુલ
ગુણ	08	08	07	07	30
ટકા(%)	27%	27%	23%	23%	100%

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

ક્રમાંક	પ્રશ્નનો પ્રકાર	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
		જનરલ વિકલ્પ વિના	જનરલ વિકલ્પ સાથે	
1.	અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA)	09	09	09
2.	ટૂંક જવાબી પ્રશ્નો (SA)	06	09	12
3.	વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA)	03	05	09
	કુલ	18	23	૩૦

પ્રકરણ પ્રમાણે ગુણભાર :

ક્રમ	પાઠ/પ્રકરણનું નામ	ગુણભાર
1.	મૂળભૂત વીજળી	09
2.	વિતરણ સબસ્ટેશનનું સંચાલન અને જાળવણીનું અવલોકન	07
3.	વિદ્યુત કાર્ય માટે સલામતીની સાવચેતીઓ	08
4.	કાર્યસ્થળનું સંચાલન, સલામતી અને આરોગ્ય	06
	કુલ	30

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2026-27

ધોરણ-12

વિષય : પાવર (ડિસ્ટ્રિબ્યુશન લાઇનમેન) (431)

વાર્ષિક પરીક્ષા (સૈદ્ધાંતિક)

સમય : 1 કલાક | **નમૂનાનું પ્રશ્નપત્ર** | **ગુણ : 30**

સૂચનાઓ :

(1) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

(2) જરૂરિયાત મુજબ આકૃતિ દોરવી.

(3) પ્રશ્નોની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

પ્રશ્ન - ૧ : નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (દરેકનો 1 ગુણ) **[09]**

(1) વિદ્યુત પ્રવાહનો એકમ કયો છે ?

(A) વૉલ્ટ (B) એમ્પિયર (C) ઓહ્મ (D) વોટ

(2) ઘરેલું વીજ પુરવઠો સામાન્ય રીતે કેટલા વૉલ્ટ હોય છે ?

(A) 110 – 120 V (B) 120 – 130 V (C) 220 – 230 V (D) 400 – 440 V

(3) ટ્રન્સફોર્મરમાં સ્વસ્થ સિલિકા જેલનો રંગ કેવો હોય છે ?

(A) લાલ (B) ગુલાબી (C) વાદળી (D) લીલો

(4) ટ્રાન્સફોર્મર કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે ?

(A) વહન (B) ઈન્ડકટન્સ (C) સંવહન (D) ઘર્ષણ

(5) ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર સામાન્ય રીતે કયું હોય છે ?

(A) સ્ટેપ-અપ (B) સ્ટેપ ડાઉન (C) બંને નહી (D) OC ટ્રાન્સફોર્મર

(6) PPEનું પુરું નામ જણાવો.

(A) પર્સનલ પ્રોટેક્શન ઇક્વિપમેન્ટ (B) પાવર પ્રોટેક્શન ઇક્વિપમેન્ટ

(C) પર્સનલ પાવર ઇક્વિપમેન્ટ (D) પબ્લિક પ્રોટેક્શન ઇક્વિપમેન્ટ

(7) ઇલેક્ટ્રિકલનું કામ કરતી વખતે કયું સાધન આંખોની સુરક્ષા માટે ઉપયોગી છે ?

(A) સેફ્ટી બેલ્ટ (B) સેફ્ટી ગોગલ્સ (C) દોરી (D) રબર મેટ

(8) ઇલેક્ટ્રિકલ લાઇન પર કામ શરૂ કરતાં પહેલાં લાઇનમાં શું તપાસવું જોઈએ.

(A) રંગ (B) વોલ્ટેજની ગેરહાજરી

(C) લંબાઈ (D) વજન

(9) પેરેલલ સર્કિટમાં વૉલ્ટેજ માટે નીચેનામાંથી શું સાચું છે ?

(A) દરેક શાખામાં સમાન (B) હંમેશાં શૂન્ય

(C) દરેક શાખામાં અલગ (D) અડધું

પ્રશ્ન- 2 : નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : (કોઈપણ 6) (દરેકના 2 ગુણ) **[12]**

(10) વૉલ્ટેજની વ્યાખ્યા લખો તથા વૉલ્ટેજને શેમાં માપવામાં આવે છે તે જણાવો.

(11) પરમાણુના મુખ્ય કણો કેટલા છે અને કયા કયા છે ?

(12) ટ્રાન્સફોર્મરનું સ્વરૂપ કેવું હોય છે અને તેમાં કેટલાં વાઈન્ડિંગ હોય છે તેના નામ જણાવો.

(13) 11 KV ફીડરનું કાર્ય શું છે ?

(14) ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મરમાં બ્રિધરનું કાર્ય શું છે ?

(15) ટ્રાન્સફોર્મરમાં ઓઇલની જાળવણી કરવી શા માટે જરૂરી છે ?

(16) વર્ક પ્લેસ હેઝાર્ડનાં કોઈપણ ચાર ઉદાહરણ આપો.

(17) લાઈનમેન માટે ઉપયોગી કોઈપણ ચાર PPEનાં નામ જણાવો.

(18) ઈલેક્ટ્રિકલ લાઇન પર કામ કરતાં પહેલાં કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

પ્રશ્ન - 3 : નીચે આપેલા પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ આપો : (કોઈપણ 3) (દરેકના 3 ગુણ) **[09]**

(19) ટ્રાન્સફોર્મરના મુખ્ય ભાગો અને દરેકનાં એક એક કાર્ય સમજાવો.

(20) ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મરનું કાર્ય અને જાળવણી વિશે સમજાવો.

(21) લાઇન પર કામ શરૂ કરતાં પહેલાં લેવામાં આવતી સલામતીની પ્રક્રિયા સમજાવો.

(22) લેડરનો ઉપયોગ કરતી વખતે કઈ સલામતી રાખવી જોઈએ.

(23) કાર્ય સ્થળ ઉપર અકસ્માત થવાના કારણો અને અકસ્માત અટકાવવાના ઉપાયો સમજાવો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2026-27

ધોરણ-12

વિષય : પાવર (ડિસ્ટ્રિબ્યુશન લાઇનમેન) (432)

વાર્ષિક પરીક્ષા

સમય : 1 કલાક **પ્રાયોગિક પરીક્ષા** **ગુણ : 50**

ક્રમ : પ્રેક્ટિકલ વિગત

(1) ડિસ્ટ્રિબ્યુશન પોલ પર Stay Set લગાવવાની રીત બતાવો.

(2) સર્વિસ કનેક્શન આપવાની પ્રેક્ટિકલ પ્રક્રિયા સમજાવો.

(3) ટ્રાન્સફોર્મરની ઓઈલ લેવલ અને બ્રીધર ચેક કરવાની રીત સમજાવો.

(4) પોલ પર ડ્રોપ - આઉટફ્યુઝનું જોડાણ અને કામગીરી સમજાવો.

(5) વિદ્યુત અકસ્માત સમયે પ્રથમ જરૂરી સલામતી પગલાં પ્રેક્ટિકલ સમજાવો.

(6) ટ્રાન્સફોર્મરનું અર્થિંગ જોડાણ ચેક કરવાની પ્રક્રિયા બતાવો.

(7) સેફ્ટી ગ્લોવ્સ, હેલ્મેટ અને સેફ્ટી શૂઝનો યોગ્ય ઉપયોગ કરીને બતાવો.

(8) લાઈન પર કામ શરૂ કરતાં પહેલાં જરૂરી સલામતી પ્રક્રિયા સમજાવો.

(9) ઓવરહેડ લાઇનના પોલ, કંડક્ટર અને સહાયક સાધનોનું નિરીક્ષણ કરીને ખામી શોધો.

(10) પ્રાથમિક સારવાર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
શૈક્ષણિક વર્ષ - 2026-27
ધોરણ-12
વિષય : લોજિસ્ટિક્સ (433)
વાર્ષિક પરીક્ષા (સૈદ્ધાંતિક)

સમય : 1 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 30

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

હેતુઓ	જ્ઞાન (K)	સમજ (U)	ઉપયોજન (A)	કૌશલ્ય (S)	કુલ
ગુણ	10	13	03	04	30
ટકા(%)	33%	43%	10%	14%	100%

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

ક્રમાંક	પ્રશ્નનો પ્રકાર	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
		વિકલ્પ વિના	વિકલ્પ સાથે	
1.	અતિટૂંક જવાબી પ્રશ્નો (VSA)	09	09	09
2.	ટૂંકજવાબી પ્રશ્નો (SA)	06	09	12
3.	વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA)	03	05	09
	કુલ	**18**	**23**	**30**

પ્રકરણ પ્રમાણે ગુણભાર :

ક્રમ	પ્રકરણનું નામ	ગુણભાર
1.	**દાવાઓની ચકાસણી અને માન્યતા**	**09**
2.	**દાવા માટેનું દસ્તાવેજીકરણ**	**08**
3.	**દાવાનો અહેવાલ**	**07**
4.	**આરોગ્ય સલામતી અને સુરક્ષા પગલાં**	**06**
	કુલ	**30**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2026-27

ધોરણ-12

વિષય : વેરહાઉસ ક્લેઈમ્સ કો-ઓર્ડિનેટર (લોજિસ્ટિક્સ) (433)

વાર્ષિક પરીક્ષા (સૈદ્ધાંતિક)

સમય : 1 કલાક **નમૂનાનું પ્રશ્નપત્ર** ગુણ : 30

સુચનાઓ :

- માગ્યા મુજબ જવાબ આપો.
- પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

પ્રશ્ન 1 : નીચે આપેલ વિકલ્પોમાંથી કોઈ પણ એક સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (દરેકનો 1 ગુણ) **[09]**

1. **નુકસાન પામેલા માલને અન્ય માલને નુકસાન ન થાય તે માટે .... રાખવામાં આવે છે.**

(A) ક્વૉરેન્ટાઈન (B) પેકિંગ

(C) સુરક્ષિત (D) ઉપરોક્તમાંથી એકપણ નહીં

2. **નિર્ધારીત સમયમર્યાદામાં નુકસાન રિપોર્ટ ન કરવામાં આવે તો શું થઈ શકે ?**

(A) ક્લેઈમ આપમેળે અપ્રુવ થઈ જાય.

(B) ક્લેઈમ ઝડપથી પ્રોસેસ થાય.

(C) ક્લેઈમ વેરહાઉસ દ્વારા રિજેક્ટ થઈ શકે.

(D) વેરહાઉસમાં કોઈપણ સ્થિતિમાં ભરપાઈ કરી આપે.

3. **ઈન્વોઈસમાં કઈ માહિતી હોય છે ?**

(A) માત્ર મોકલનારનું નામ અને સરનામું

(B) મોકલનારનું નામ, મેળવનારનું નામ અને તારીખ

(C) મોકલનારનું નામ, મેળવનારનું નામ અને વસ્તુની સંખ્યા

(D) માત્ર વસ્તુની કુલ સંખ્યા

4. **દાવાની રકમ નક્કી કરતી વખતે કયા પરિબળો અસર કરે છે ?**

(A) વેરહાઉસની નાણાકીય સ્થિતિ

(B) નુક્સાનનું સ્વરૂપ અને પ્રમાણ. કરારની શરતો અને વીમા પોલિસી.

(C) માત્ર ગ્રાહકની પ્રતિષ્ઠા

(D) વેરહાઉસ દાવા સંયોજકનો વ્યક્તિગત અભિપ્રાય

5. **દાવેદાર નુક્સાનનો પૂરતો પુરાવો રજૂ કરી ન શકે તો તે શું ગણાય ?**

(A) ખોટો દાવો (B) અનધિકૃત દાવેદાર

(C) હકીકતોની ખોટી રજૂઆત (D) ગેરસમજ

6. **દાવાની પ્રક્રિયામાં દાવેદારને કઈ મુશ્કેલીઓ આવી શકે છે ?**

(A) પ્રસ્તાવ ફૉર્મમાં માહિતીનો અભાવ (B) દાવો રજૂ કરવામાં વિલંબ

(C) માહિતી છુપાવવી (D) ઉપરોક્ત તમામ

7. **નીચેનામાંથી કયું વેરહાઉસમાં સામાન્ય જોખમ નથી ?**

(A) લપસવું અને પડવું (B) એર્ગોનોમિક ઇજા

(C) રસાયણોના સંપર્કમાં આવવું (D) ધ્વનિ પ્રદૂષણ

8. **વેરહાઉસમાં જોખમ મૂલ્યાંકન કરવાનો મુખ્ય હેતુ શું છે ?**

(A) ઉત્પાદન વધારવું. (B) સંભવિત જોખમો ઓળખવા.

(C) કર્મચારીઓના પગાર ઘટાડવા. (D) અસુરક્ષિત વર્તનને પ્રોત્સાહન આપવું.

9. **દાવો રજૂ કરવાની શરતોમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?**

(A) જથ્થામાં અછત (B) ગુણવત્તા સંબંધિત સમસ્યા

(C) નુક્સાન થયેલો માલ (D) ઉપરોક્ત તમામ

પ્રશ્ન 2 : નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે 6) (દરેકના 2 ગુણ) **[12]**

10. માલને નુક્સાન થવાનાં કારણો કયા છે ?
11. ઈન્ટરવ્યૂના પ્રકારોનાં નામ આપો.
12. વેરહાઉસમાં ક્લેઈમ દાખલ કરતી વખતે ગ્રાહકોએ કઈ સામાન્ય શરતોનું પાલન કરવું પડે છે ?
13. દસ્તાવેજ શું છે ?
14. દાવાની પ્રક્રિયાનું સંક્ષિપ્ત વર્ણન કરો.
15. અહેવાલના પ્રકારોની ચર્ચા કરો.
16. ખોટો ક્લેઈમ શું છે ?
17. વેરહાઉસમાં થતાં અકસ્માત અને કટોકટીના પ્રકાર લખો.
18. PPE શું છે ?

પ્રશ્ન 3 : નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો. (ગમે તે 3) (દરેકના 3 ગુણ) **[09]**

19. નુક્સાન પામેલાં માલના નિકાલ કર્યા પછી વેરહાઉસની સફાઈ માટેની માર્ગદર્શિકા સમજાવો.
20. અયોગ્ય સંગ્રહને કારણે માલને કેવી રીતે નુક્સાન થાય છે ? ઉદાહરણો સાથે સમજાવો.
21. દસ્તાવેજના પ્રકારોની વિગતવાર યાદી બનાવો.
22. દાવા માટે જરૂરી દસ્તાવેજો વિશે વિગતવાર સમજાવો.
23. અહેવાલ શું છે ? તેનું મહત્ત્વ સમજાવો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2026-27

ધોરણ-12

વિષય : વેરહાઉસ ક્લેઈમ્સ કો-ઓર્ડિનેટર (લોજિસ્ટિક્સ) (434)

વાર્ષિક પરીક્ષા

સમય : 1 કલાક **નમૂનાનું પ્રશ્નપત્ર (પ્રાયોગિક)** **ગુણ : 50**

- **પ્રૅક્ટિકલની વિગત : (પ્રત્યેકના 5 ગુણ)**

1. વિવિધ પ્રકારનાં દસ્તાવેજો દર્શાવતો ચાર્ટ તૈયાર કરો.
2. દાવાની પ્રક્રિયા દર્શાવતાં પોસ્ટર તૈયાર કરો.
3. ક્વૉરેન્ટાઈન કરેલા માલની તપાસ કરવાની પ્રક્રિયા વિશે ચાર્ટ તૈયાર કરો.
4. અગાઉના દાવાઓનો સંદર્ભ કેવી રીતે લેવો તે દર્શાવતો ચાર્ટ તૈયાર કરો.
5. દાવાનું ફૉર્મ કેવી રીતે ભરવું તેનો નમૂનો દર્શાવો.
6. વેરહાઉસમાં ક્વૉરેન્ટાઈન વિસ્તારની સ્વચ્છતા અંગેના નિર્દેશોનો ચાર્ટ તૈયાર કરો.
7. દસ્તાવેજોના પ્રકારો વિશે ચાર્ટ તૈયાર કરો.
8. વીમા કંપનીના વળતર અંગેના દાવાનો ચાર્ટ તૈયાર કરો.
9. ખોટા દાવા અંગેનાં કારણો દર્શાવતો ચાર્ટ તૈયાર કરો.
10. વેરહાઉસમાં કાર્યસ્થળે ઉદ્ભવતી સમસ્યાઓની સૂચિ તૈયાર કરો.